વડગામ તાલુકાની સિસરાણા ગૃપ ગ્રામ પંચાયતમાં આવતા

ભાટવાસમાં બોરવેલ શોભાના ગાંઠીયા સમાન

બે વર્ષ અગાઉ બનાવામાં આવેલા બોરવેલમાં કોલમ કે મોટર કોઇ જ લગાવાઇ નથી, વીજ કનેકશન કપાઇ જતા વાયર ખુલ્લા લટકી રહ્યા છે

વડગામ તાલુકાના સિસરાણા ગૃપ ગ્રામ પંચાયતમાં આવતા ભાટવાસમાં બે વર્ષ અગાઉ

જ ગ્રામજનોને પીવાના પાણી માટે બોર બનાવામાં આવ્યો હતો પણ આ બોર બે વર્ષથી શોભાના ગાંઠિયા સમાન બની ગયો છે. બોર બનાવનાર સત્તાધીશોને બે વર્ષમાં બોરમાં મોટર લગાવવાની કે બોર ચાલુ કરવાની ફુરસદ જ મળી નથી. બોરવેલ ઉપર ઢાગ પણ લગાવાયું નથી અને ભુગર્ભ ટાંકું પણ ખુલ્લું હોવાથી કોઇ દુર્ઘટના ઘટે તો જવાબદારી કોની ? વહીવટી તંત્ર આ બાબતે ખુલાસો કર છે ખરા ?

ભાટવાસમાં બે વર્ષ પહેલાં પીવાના પાણી માટે બોર બનાવાયો હતો આ બોરમાં કોન્ટ્રાક્ટર તેમજ તંત્ર ના જવાબદાર કર્મીઓ પોતાની ટકાવારી પતી ગયા બાદ બોર ચાલુ થયો છે કે નહીં તે જોવાની તસ્દી પણ લીધી નથી એટલું જ નહીં પણ બનાવનાર એજન્સી તેમજ જવાબદાર તંત્રના કર્મીની બેદરકારી પણ ઉચ્ચ અધિકારીઓને નજરે પણ આવતી નથી જેથી ઉચ્ચ અધિકારીઓ સામે પણ લેતી દેતીના આક્ષેપ લોકોમાં થઇ રહ્યા છે. ત્યારે જવાબદાર તંત્રના ઉચ્ચ અધિકારી તેમજ વિજીલન્સ ટીમ દ્વારા તપાસ હાથ ધરીને કસુરવાર એજન્સી તેમજ કર્મચારી પાસે સરકારી નાણાંનો થયેલ દુરઉપયોગના નાણાં રીકવરી કરીને ભરપાઈ કરવામાં આવે તેવું ગ્રામજનો ઇચ્છી રહ્યા છે ગામમાં પીવાના પાણીની મોટી સમસ્યા હોવા છતાં બોરને બનાવે બે વર્ષ ઉપરાંતનો સમય થવા છતાં ચાલુ કરાતો નથી બોર માત્ર શોભાના ગાંઠિયા સમાન બનાવીને રખાયો છે ગામમાં સ્ટ્રીટ લાઈટ, ગટર,રોડ જેવી પ્રાથમિક સુવિધા નો જ અભાવ વર્તાતો રહ્યો છે ત્યારે તંત્ર જવાબદાર કર્મીઓ ગામને મદદરૂપ બનશે ખરા ? કે ગ્રામજનોને પ્રાથમિક સુવિધાઓ માટે પિડા જ વેઠવી પડશે.

જિલ્લા મેજિસ્ટ્રેટનો બોરવેલ ખુલ્લો ન રાખવા હુકમ હોવા છતાં પણ હુકમનો અનાદર કરીને તંત્ર લાપરવાહી દાખવી રહ્યું છે ભુતકાળમાં અનેક જગ્યાએ બોરવેલમાં બાળકો પડી જવાના અનેક કિસ્સાઓ બન્યા હોવા છતાં પણ તંત્ર અજાણ બની રહ્યું છે હરહંમેશ આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસતું તંત્ર પાણી પહેલાં પાળ બાંધે તેવુ લોકો ઈચ્છી રહ્યાં છે.

વડગામ તાલુકાના ભાટવાસમાં બે વર્ષ પહેલાં બોરવેલ બનાવ્યો હતો આ બોરવેલની પાઇપ ઉપર ઢોંગ લગાવાયા વગર બે વર્ષ ઉપરાંતના સમયથી ખુલ્લો પડ્યો છે તેમજ ભુગર્ભ ટાંકાનું ટાંક પણ નથી જેના કારણે ગામમાં કોઇ અઘટિત ઘટના બને તો જવાબદારી કોની તેવો સવાલ આમજનતામાં પુછાય રહ્યો છે.

જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ કરાયું

ગજાનન સેવા સમિતિ દ્વારા છેલ્લા ૧૮ વર્ષથી છાત્રેશ્વરી તથા વાંટડામાં જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ કરાય છે તેમ આ વર્ષે પણ છાત્રેશ્વરીમાં ૩૬ લાભાર્થી તથા વાંટડામાં ૩૯ લાભાર્થીઓને જીવન જરૂરિયાતની વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. જેમાં મિલિન્દભાઈ, યોગેશભાઈ તથા મહર્ષિભાઈએ વિશેષ જહેમત ઉઠાવી હતી.

મતદાનની વધેલી ટકાવારીથી કોંગ્રેસને ફાયદો : મનિષ દોશી

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકોની ચૂંટણી માટેનું મતદાન ગઈકાલે તા. ૨૩મી એપ્રિલનાં રોજ શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયા બાદ ભાજપ અને કોંગ્રેસ દ્વારા પોતપોતાના ઉમેદવારોના જીતના દાવા કરાઈ રહ્યા છે. એકબાજુ, ભાજપ દ્વારા ગુજરાતમાં કોંગ્રેસના કલીન સ્વીપનો દાવો કરી તમામ ૨૬ બેઠકો ફરી એકવાર કબ્જે કરવાનો દાવો કરી રહ્યું છે તો, બીજીબાજુ, કોંગ્રેસે આ વખતે મતદાનની વધેલી ટકાવારીથી કોંગ્રેસને ફાયદો થશે તેવો દાવો કર્યો હતો. કોંગ્રેસના પ્રવકતા ડો.મનીષ દોશીએ દાવો કરતાં જણાવ્યું કે, આ વખતે ગુજરાતમાં ૬૪ ટકા જેટલું મતદાન થયુ છે અને મતદાનની ટકાવારી વધી છે ત્યારે કોંગ્રસના તમામ ઉમેદવારોમાં પણ જીતની આશા અને જુસ્સો પ્રબળ જણાય છે.ગુજરાતમાં કોંગ્રેસ અને બીજેપીએ પોતાના પ્રચારમાં કોઇ કસર છોડી ન હતી. બંન્ને પાર્ટીઓએ મતદારોને રિઝવવા માટે તમામ પ્રકારના પ્રયાસ કર્યા હતાં. મતદાન પૂર્ણ થયા બાદ બંને પક્ષના ઉમેદવારોએ પોતાની જીતની આશા વ્યક્ત કરી હતી, ત્યાં જ કોંગ્રેસના પ્રવક્તા ડો. મનીષ દોશીએ પણ આશા વ્યક્ત કરી છે કે, આ વખતે થયેલા મતદાનને જોતા કોંગ્રેસ રાજયમાં પરત ફરી રહી છે. ગુજરાતની જનતા આ વખતે ભાજપને જોરદાર આંચકો અને આઘાત આપશે, તે નક્કી છે. ડો.મનીષ દોશીએ વધુમાં જણાવ્યું હતું કે, મતદાનની વધેલી ટકાવારીથી કોંગ્રેસને ફાયદો થવાની પૂરી શકયતા છે. આ વર્ષે મતદાનની ટકાવારીમાં થયેલો વધારો કોંગ્રેસને ફાયદો કરાવશે તે નક્કી છે. આ વખતની ચૂંટણીમાં ગુજરાતની પ્રજા દ્વારા ખેડૂત વિરોધી અને યુવા વિરોધી ભાજપની નીતિ સામે મતદાન થયું છે માટે આ વખતની ચૂંટણીમાં કોંગ્રેસને ખુબ જ મોટો ફાયદો થશે. લોકસભાની ચૂંટણીમાં બાવળાના બાપુપુરા બૂથનો વીડિયો વાયરલ થવા અંગે ડો.મનીષ દોશીએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા.

વિક્રમી મતદાન...

● પહેલા પાનાનું ચાલુ

પક્ષોમાં સ્વાભાવિક ઉત્તેજના અને ઉત્સાહ છવાયેલો જોવા મળ્યો હતો. રાજયનાં અનેક સ્થળોએ ઈવીએમ ખોટવાયાં હોવાની ઘટનાને બાદ કરતાં એકંદરે શાંતિપૂર્ણ રીતે મતદાન સાથે લોકશાહીના મહાપર્વની પ્રક્રિયા સંપન્ન થઇ હતી. ગઈકાલે રાજયમાં શહેરી વિસ્તારની સરખામણીએ રાજયના ગ્રામ્ય વિસ્તારમાં એકંદરે વધુ અને ઉત્સાહભર્યું મતદાન જોવા મળ્યું હતું. જેને લઇ ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો પણ એક તબક્કે આશ્ચર્યમાં મૂકાયા હતા. ગરમીના પ્રકોપના કારણે બપોરના સમયે મતદાનની ગતિ ધીમી પડયા બાદ સાંજે ચાર વાગ્યા પછી ફરી એકવાર મતદાનમાં ભારે ધસારો જોવા મળ્યો હતો અને છેલ્લા બે કલાકમાં ઉંચુ મતદાન નોંધાયું હતું. સૌરાષ્ટ્રમાં તળાજાના ધારડી ગામે લોકોએ મતદાનનો બહિષ્કાર કર્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ...

● પહેલા પાનાનું ચાલુ

પણ કહ્યું છે કે, જાતિય સતામણીના આરોપોની તપાસ માટે એક હાઉસ પેનલ તપાસ કરશે પરંતુ ન્યાયપાલિકાની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવા માટે કરવામાં આવી રહેલા કાવતરામાં તપાસ થવી જોઇએ. આના માટે એસઆઈટી બનાવીને તપાસ કરવાની જરૂર છે. સુપ્રીમ કોર્ટે દિલ્હી પોલીસ કમિશનર, સીબીઆઈ પ્રમુખ અને આઈબીના ડિરેક્ટરને પણ કોર્ટમાં ઉપસ્થિત થવા માટે સૂચના આપી છે. કોર્ટમાં જવાબદાર અધિકારીઓને પણ બોલાવવામાં આવ્યા છે. આગામી દિવસોમાં આ મામલો પણ જોરદારરીતે ચમકે તેવી શક્યતા છે. બજી બાજુ આરોપો બાદ સીજેઆઈએ કહ્યું હતું કે, તેઓ નિર્દોષ છે અને તેમની છાપને નુકસાન પહોંચાડવા માટે આક્ષેપ કરવામાં આવ્યા છે.

મમતા બેનર્જી...

● પહેલા પાનાનું ચાલુ

કલ્પના પણ કરી નહીં હશે કે બંગાળમાં એક દિવસે લોકોને પોતાના અધિકાર માટે ભીખ માંગવાની જરૂર પડશે. ટીએમસીના ગુંડાઓ ગુરુદેવના શાંતિ નિકેતનની શાંતિને ભંગ કરી રહ્યા છે. પોતાના ઉપર પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમુલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીના આક્ષેપનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે, મમતા દીદી કહે છે કે, ચા વાળાએ પાંચ વર્ષમાં માત્ર વિદેશ યાત્રા જ કરી છે પરંતુ તેઓ કહેવા માંગે છે કે આજે દુનિયામાં ભારતનો દમ દેખાઈ છે. આજે ભારતનો ડંકો છે. કારણ કે, તેમની વિદેશ યાત્રાઓના લીધે જ ભારતનો અવાજ બુલંદ થયો છે. પાંચ વર્ષ પહેલા સુધી કોઈપણ મુદ્દા ઉપર દુનિયાના સમર્થનને એકત્રિત કરવામાં ભારતના સાંસ ભુલી જતાં હતા. વિદેશી દેશો સાથે શાનદાર સંબંધોનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે પહેલા જે દેશો ભારતને ઉંચી કિંમત ઉપર તેલ અને ગેસનું વેચાણ કરતા હતા. અમારી સત્તા આવ્યા બાદ જુની સરકાર દ્વારા જે કિંમતો નક્કી કરવામાં આવી હતી તેના કરતા પણ ઓછી કિંમતે ખરીદી કરી રહ્યા છીએ. અબુધાબીમાંથી મળી રહેલા સન્માનનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, અમારા દેશમાં કેટલાક લોકો વધારે વિચારી શકતા નથી. અબુધાબીએ હાલમાં જ એક એવોર્ડની જાહેરાત કરી હતી

સ્ટ્રોંગરૂમમાં સીલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પ્રક્રિયા દરમ્યાન રાજકીય પાર્ટીના જવાબદાર વ્યકિતઓ, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર એસ.કે. લાંગા, ઓબ્ઝર્વર સહિત તમામ એ.આર.ઓ. ઉપસ્થિત રહ્યાં હતાં.

જિલ્લા ચૂંટણી અધિકારી એસ.કે. લાંગાએ જણાવ્યું હતું કે, ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં ૩૬-ગાંધીનગર, ૩૮-કલોલ, ૪૦-સાણંદ, ૪૧-ધાટલોડિયા, ૪૨-વેજલપુર, ૪૫-નારાયણપુરા અને ૫૫-સાબરમતી વિધાનસભા મતદાર વિભાગનો સમાવેશ થાય છે. સાત વિધાનસભા મતદાર વિભાગના ૧૯૭૫ મતદાન મથકો પર મતદારોએ ભારે ઉત્સાહપૂર્વક મતદાન કર્યું હતું.

આજે તમામ મતદાન મથકોના ઈ.વી.એમ. અને વીવીપેટના મશીન સુરક્ષિત રીતે ગાંધીનગરના સેકટર-૧૫માં આવેલા મત ગણતરી કેન્દ્ર ખાતે નિર્માણ કરવામાં આવેલા સ્ટ્રોંગ રૂમમાં લાવવામાં આવ્યા છે. સ્ટ્રોંગ રૂમમાં રાજકીય પક્ષોની ઉપસ્થિતમાં આ ઈ.વી.એમ. મશીન અને વીવીપેટના મશીનો, વૈધાનિક-બિનવૈધાનિક પરબીડિયાઓ ગોઠવીને સ્ટ્રોંગ રૂમને સીલ કરી દેવામાં આવ્યા છે.

વધુમાં જિલ્લા ચુંટણી અધિકારી એસ.કે. લાંગાએ જણાવ્યું હતું કે, દરેક સ્ટ્રોંગ રૂમમાં હવા પણ ન જઈ શકે તેવી રીતે સુરક્ષિત કરવામાં આવ્યા છે. તમામ સ્ટ્રોંગ રૂમમાં જીવંત વીજ લાઈન બંધ કરી દેવામાં આવી છે. તેમજ સમગ્ર બિલ્ડીંગમાં આવવાનો એક જ મુખ્ય દરવાજો છે. તે ઉપરાંત સમગ્ર પરિસર સાથે સાથે તમામ સ્ટ્રોંગ રૂમો ૩૯ સી.સી.ટીવી કેમેરાની નજરથી કેદ કરવામાં આવ્યા છે.

આ તમામ સી.સી.ટી.વી કેમેરા રાઉન્ડ ધ કલોક ચાલું રહેશે. તેમજ વીજળી સુવિધા અચાનક બંધ થાય તો પણ પાવર મળી રહે તેવી સુવિધા પણ કરવામાં આવી છે. આ સમગ્ર પરિસર સીએપીએફ જવાનોના અભય સુરક્ષા કવચ હેઠળ છે. રાઉન્ડ ધ કલોક ચાલતાં સી.સી.ટી.વી.નું રેકોર્ડીંગ અને મોનીટરીંગ કરવામાં આવશે. સ્ટ્રોંગ રૂમની સુરક્ષાને લઈ કોઈ રાજકીય પક્ષને પ્રશ્ન થાય તો પરિસરને સુરક્ષા આપતાં સીએપીએફના જવાનોનો સંપર્ક કરી તેમને યોગ્ય ઓળખ આપીને સ્ટ્રોંગ રૂમનું મારવામાં આવેલું સીલ અને સ્ટ્રોંગ રૂમની ચારે બાજુ ફરી ચકાસણી કરી શકશે. હવે, આ સ્ટ્રોંગ રૂમના દરવાજા મત ગણતરીના દિવસે જ ખુલશે. તેમજ અચાનક કોઈ કારણોસર ખોલવાના થાય તો અગાઉથી રાજકીય પક્ષોને જાણ કર્યા બાદ અને જિલ્લા ચૂંટણી અધિકારી સહિત જવાબદાર અધિકારીની ઉપસ્થિતમાં જ ખોલવામાં આવશે તેવું પણ ઉમર્યું હતું.

ગરમીનો મિજાજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. ગરમીએ સૌને તોબા પોકારી ગયા છે. જયારે હજુ પણ ગરમી વધશે તેવા અણસાર વર્તાઈ રહ્યા છે.ત્યારે ગરમીથી બચવા માટે આકરા તાપમાં જવાનુ ટાળતા નગરજનો રાત્રિ દરમિયાન બરફના ગોળા ખાયની ઠંડક અનુભવી રહ્યા છે. રાત્રિની ઠંડકમાં નગરજનો ટહેલવા નિકળી દિવસની ગરમીનો થાક અને કંટાળો ઉતારી રહ્યા છે. પરંતુ હજુ પણ ગરમીનો પારો ૪૫ ડિગ્રીને પાર થશે તેમ હવામાન નિષ્ણાંતો જણાંવી રહ્યા છે ત્યારે વધુ ગરમી સહન કરવા નગરજનોએ તૈયાર રહેવુ પડશે.

ડિઝાઈન તૈયાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગામી ૧૫ દિવસમાં આ બ્રિજનુ કામ શરૂ કરી દેવાશે. ચિલોડા સરખેજ માર્ગને અનુલક્ષી અંદાજિત રૂ ૬૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. જયારે હાલ આ માર્ગ પર ટ્રાફિકનુ ભારણ ખુબ જવધી જતા ઠેર ઠેર ચકકાજામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જયારે માર્ગને અનુલક્ષી સર્વિસ રોડનુ કામ પણ પુર્ણ કરવામાં આવશે. આ ઉપરાંત રૂટમાં આવતા તમામ ક્રોસ રોડને ધ્યાને લઈ બ્રિજ બનાવાની કામગીરીનુ પણ આયોજન હોવાથી ક્રોસ રસ્તા પર ટ્રાફિક જામ થશે નહીં. જયારે શહેરમાં જતા ટ્રાફિકની અડચણ પણ નહીં રહે. માર્ગ સલામતીના પરિબળો પણ જળવાશે.આ પ્રોજેકટનુ કામ ઝડપથી પુર્ણ થાય તે માટે પણ કામગીરીમાં ઝડપ લાવવા પ્રયાસ કરાશે.

શ્રીરંગ પાર્ક કો.ઓપ. હાઉસીંગ સ.સોસાયટી લિ.

વાસણા હડમતિયા, સેક્ટર-૪ પાછળ, ખ-૦, ગાંધીનગર-૩૮૨૦૦૬

આથી સોસાયટીના સર્વે સભાસદો અને પ્લોટ ધારકોને જણાવવામાં આવે છે કે, મંડળની વર્ષ ૨૦૧૮-૧૯ની દસમી વાર્ષિક સાધારણ સભા તા. ૫/૫/૨૦૧૯ને રવિવારના રોજ સાંજે ૪-૦૦ વાગે સોસાયટીની ઓફીસ ખાતે વાર્ષિક અહેવાલમાં જણાવેલ કામકાજ કરવા માટે રાખવામાં આવેલ છે. તો દરેક સભાસદે સમયસર હાજર રહેવા વિનંતી છે. સભાનું કામકાજ પૂર્ણ થયે પરિવાર સહ સાથે ભોજન લઈશું.

તા.ક. : દરેક પ્લોટ ધારક તેમજ રહેવાસીએ મંડળીમાં સભાસદ થવાનું બાકી હોય તેઓએ તાકીદે દસ્તાવેજી પૂરાવા મોકલી આપવા વિનંતી છે.

સુરેશભાઈ પટેલ	નારાયણભાઈ પ્રજાપતિ
પ્રમુખ	મંત્રી
મો. ૯૯૭૪૧ ૩૩૩૯૯	મો. ૯૮૨૪૫ ૬૯૫૪૧

પ્રવાસીપથ ખેરોજ-અંબાજી રોડની કામગીરી પ્રગતિમાં હોઇ રસ્તો ડાયવર્ટ કરાયો

પાલનપુર, તા. ૨૪

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય)ના તા.૨૬/૦૩/૨૦૧૯ના રોજ પત્રથી પ્રવાસીપથ ખેરોજ-અંબાજી રોડ, કિ.મી ૭૯/૨૦૦ થી ૧૦૩/૦૦ (સેકશન ખેરોજથી અંબાજી)ની ચાર માર્ગીય કરવાની કામગીરી હાલ પ્રગતિમાં હોઇ રસ્તો ડાયવર્ટ કરી તે રસ્તાના વિકલ્પે મોજે. હડાદ-સનાલી- બેડા-બોરડીયાળા- કુંવારસી-કણબીયાવાસ- હરીવાવ- દેવળીયાળીવાવ- પાન્છા થઇ અંબાજી રોડ પર પસાર થવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સંદીપ સાગલે (આઈ.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, બનાસકાંઠા, પાલનપુરને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧) ખંડ (ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ તા. ૩૧/૫/૨૦૧૯ સુધી ખેરોજ-અંબાજીનો રસ્તો બંધ કરી તેના વિકલ્પે આ રસ્તા ઉપરનો વાહન વ્યવહાર હડાદ- સનાલી-બેડા-બોરડીયાળા-કુંવારસી-કણબીયાવાસ- હરીવાવ-દેવળીયાળીવાવ-પાન્છા થઇ અંબાજી પર ડાયવર્ટ કરવા ફરમાવાયું છે. આ હુકમ તા. ૩૧/૫/૨૦૧૯ સુધી અલમાં રહેશે. આ પ્રતિબંધનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ સજાને પાત્ર ઠરશે.

ધનસુરામાં પ્રજાએ મતદાનમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો

અરવલ્લી જિલ્લાના ધનસુરામાં લોકોમા મતદાન સમયે ઉત્સાહ જોવા મળતો હતો. સવારથી જ કેટલીક જગ્યાએ લોકો મોટી સંખ્યામાં મતદાન માટે પહોચ્યા હતા જેને લઈને લાંબી કતારો જોવા મળી હતી. ધનસુરામાં પ્રાથમિક શાળા નંબર-૧, પ્રાથમિક શાળા નંબર-૨, હાઈસ્કૂલ સહિત વિવિધ જગ્યાએ મતદાન યોજાયું હતું. ધનસુરામા આવેલ પ્રાથમિક શાળા શાળા નંબર-૨ માં મતદાન માટે લોકો મોટી સંખ્યામા આવતા લાંબી કતારો જોવા મળી હતી. મતદાન માટે વડીલો, મહિલાઓ અને યુવાનો તમામ લોકોમા ઉત્સાહ જોવા મળ્યો હતો અને સહુ કોઈએ લોકશાહીના આ પર્વમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ઈન્દ્રપ્રસ્થ ટાવર પરથી પડતું મુકી યુવકે કરેલ આત્મહત્યા

શહેરના ડ્રાઈવઈન રોડ પર હિમાલયા મોલની બાજુમાં આવેલા ઈન્દ્રપ્રસ્થ ટાવરમાં આજે વહેલી સવારે એક યુવકની લાશ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. યુવકે દસમા માળેથી ઝંપલાવીને આત્મહત્યા કરી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે ત્યારે હવે પોલીસે આ યુવક કોણ છે અને તે ક્યાંનો રહેવાસી છે તે મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસે યુવકની આત્મહત્યાનું કારણ જાણવાની દિશામાં પણ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, ડ્રાઈવઈન રોડ પરના ઈન્દ્રપ્રસ્થ ટાવરમાં આજે વહેલી સવારે એક યુવકની લોહીથી લથપથ હાલતમાં લાશ ટાવરના રહીશોએ જોતાં તાત્કાલીક પોલીસને ફોન કરીને જાણ કરી હતી.

અવસાન નોંધ

દેવેન્દ્રકુમાર છનાલાલ રામીનું તા. ૨૩મી એપ્રિલ ૨૦૧૯ મંગળવારના રોજ દુઃખદ અવસાન થવા પામ્યું છે. સ્વર્ગસ્થનું બેસણું તા. ૨૫મી એપ્રિલ ૨૦૧૯ ગુરૂવારે સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમ્યાન તેમના નિવાસસ્થાન ૫૩, ન્યુ રાજહંસ (મેઘનાથ) સોસાયટી, નવનિર્માણ સ્કૂલ પાસે, રાણીપ, અમદાવાદ ખાતે રાખવામાં આવ્યું છે.

સોનમ Digital Clock સાથે સમયને વધુ મૂલ્યવાન બનાવો

સોનમ કલોક લિમિટેડ ૧૯૯૬માં સ્થાપિત ગુજરાતમાં મોરબી સ્થિત ઘડિયાળ ઉત્પાદન કંપની છે. ૨૦૦૯માં કંપનીએ ડિજિટલ ક્લોક્સ પ્રોડક્ટ્સની શરૂઆત કરી હતી. કંપનીએ સમયાંતરે ડિજિટલ Clock સેગમેન્ટમાં વિવિધ પ્રકારના મોડેલ પ્રદાન કર્યા છે, તેમાં ડિજિટલ ક્લોક્સના ૩૦ મોડેલો, LCD ક્લોક્સના ૪ મોડેલો, Analog With LED Lighting ક્લોક્સના ૪ મોડેલોનો સમાવેશ થાય છે.

આજે સ્પર્ધાત્મક બજારના વાતાવરણમાં કંપનીએ સંપૂર્ણપણે સફળતા પ્રાપ્ત કરેલ છે. હાલ કંપની વાર્ષિક 72 Lakh દિવાલ ઘડિયાળ અને 240 Lakh દિવાલ ઘડિયાળ Movement ઉત્પાદન ની ક્ષમતા ધરાવે છે. કંપની ભારતમાં ટોચની ૩ બ્રાન્ડ્સ દિવાલ ઘડિયાળ નિર્માતા કંપનીની કતારમાં છે, અને ભારતમાં Clock Movemenની વિશાળ ઉત્પાદક કંપની છે. સોનમ અને લોટસના બ્રાન્ડ નામ હેઠળ કંપની ૩૦૦થી વધુ વધારે મોડેલ દિવાલ ઘડિયાળ અને અલાર્મ ઘડિયાળમાં પ્રદાન કરે છે. કંપની ગ્રાહકોને વિવિધ પ્રકારની ઉત્પાદન શ્રેણી પૂરી પાડે છે. જેમાં શામેલ છે, દિવાલ ઘડિયાળ, અલાર્મ ઘડિયાળ, ઘડિયાળના કેબિનેટ અને ક્લોક્સ Movements.

ગુજરાતમાં ચૂંટણી પૂર્ણ થતાં હાર્દિક પટેલ ઉત્તર પ્રદેશમાં ચૂંટણી પ્રચારમાં ગયો

ગાંધીનગર

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પૂરી થતાં કોંગ્રેસના યુવા નેતા હાર્દિક પટેલ હવે રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીના મતવિસ્તારમાં ચૂંટણી પ્રચાર કરવા ગયો છે. કોંગ્રેસે હાર્દિક પટેલને સ્ટાર પ્રચારક બનાવ્યો છે અને તેને હવાઇ સાધન આપ્યું છે ત્યારે તે હવે ઉત્તર પ્રદેશમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યો છે.

પાર્ટીએ હાર્દિક પટેલને રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચારની જવાબદારી આપી છે. હાર્દિક પટેલ આજે ઉત્તરપ્રદેશમાં છે અને તે અમેઠી અને રાયબરેલીમાં ચૂંટણી પ્રચાર કરશે. કોંગ્રેસના એક નેતાએ કહ્યું હતું કે હાર્દિક પટેલ આ બન્ને લોકસભા વિસ્તારમાં આવતી વિધાનસભા બેઠકોમાં જનસભાઓ કરશે અને મતદારોને કોંગ્રેસ તરફી મતદાન કરવા માટે અપીલ કરશે.

ગુજરાતમાં હાર્દિક પટેલે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રની લોકસભા બેઠકોમાં કોંગ્રેસનો પ્રચાર કર્યો હતો. હાર્દિક પટેલે જેટલી જનસભાઓ કરી છે તેટલી કોંગ્રેસના કોઇ નેતાએ કરી નથી. હવે હાર્દિક પટેલ ઉત્તરપ્રદેશના ગામડાઓમાં પણ ચૂંટણી પ્રચાર કરશે.

હાર્દિકે ગુજરાતમાં મતદાન સમયે મિડીયા સાથેની ચર્ચામાં કહ્યું હતું કે મારે ચોકીદાર શોધવો હશે તો હૂં નેપાળ જઈશ પરંતુ ભારત માટે મને વડાપ્રધાન જોઇએ છે. આ દેશની અર્થવ્યવસ્થા સુધારે, શિક્ષણનું સ્તર ઉંચું લાવે, યુવાનોને રોજગારી આપે અને જવાનોને મજબૂત કરે તેવા વડાપ્રધાન જોઇએ છે, ચોકીદાર જોઇતા નથી.

સાબરકાંઠામાં ગરમી ઓછી છતાં બાફ વધુ રહેતા લોકો પરેશાન

સાબરકાંઠા જિલ્લામાં અત્યારે ઉનાળો આકરો સાબિત થઈ રહ્યો છે ત્યારે બુધવારે હિંમતનગર સહીત સાબરકાંઠા જિલ્લામાં ગરમીનો પારો ૪૦ ડિગ્રી પર સ્થિર થયો હતો. જોકે ગરમી ઓછી હોવા છતાં વાતાવરણમાં બાફ વધુ અનુભવાયો હતો. જેને લઈને જિલ્લાની પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ છે. પવનની ગતિ સામાન્ય રહી હોવા છતાં બપોર બાદ ગરમ પવનને કારણે લોકોએ લૂ નો અનુભવ કર્યો હતો. જોકે શુક્રવારથી ગરમીના પ્રમાણમાં વધારો થવાની શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરાઈ છે.

સાબરકાંઠાના હિંમતનગર, પ્રાતંજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના સહીતના ગ્રામ્ય વિસ્તારોમાં અત્યારે ખેડૂત વર્ગ ઘઉંની લણણીનું કામ પુરજોશમાં કરી રહ્યો છે. ત્યારે સવારે ૧૦ વાગતાની સાથે જ ગરમી શરૂ થઈ જાય છે. જેને લીધે ખેત શ્રમિકો અને ખેડૂતો બપોર સુધી ખેતરોમાં કામ કરી શકતા નથી. ત્યારબાદ આ શ્રમિકો અને ખેડૂતો ખેતરોમાં ઝાડના છાંયડે બેસી જાય છે. પરંતુ ઉત્તર પુર્વમાંથી આવતા ગરમ પવનને લીધે તેમને ચેન પડતુ નથી.

તો બીજી તરફ ઉનાળાને લીધે જમીનમાંથી નીકળતી લાવા ગરમીમાં વધારો કરી દેશે જેથી લોકોને લૂ ની અસરો અનુભવાઈ રહી છે. અત્યારે ખાસ કરીને ગરમીને લીધે કેટલાંક લોકોએ ઝાડા ઉલ્ટીની અસરોનો ભોગ બનવું પડે છે.

પાલનપુર માળી સમાજ દ્વારા સુવર્ણ જયંતી મહોત્સવની ઉજવણી કરાઈ

શહેરમાં વિશાળ શોભાયાત્રા યોજાઈ, મોટી સંખ્યામાં સમાજના લોકો જાડાયા

પાલનપુર

પાલનપુર માળી સામજ દ્વારા સુવર્ણ જયંતી મહોત્સવની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં

આવી હતી.જેમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.જેમાં વહેલી સવારે વિશાળ શોભાયાત્રા યોજવામાં આવી હતી.જેમાં વિવિધ જાખીઓએ આકર્ષણ જમાવ્યુ હતુ.આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં માળી સમાજના લોકો જાડાયા હતા.

પાલનપુરમાં ટેલિફોન એક્સચેન્જ વિસ્તારમાં માળી સમાજ વાડી અંબિકાવાડી આવેલી છે.આ સંકુલમાં ચામુંડા માતાના મંદિરની સ્થાપના કરવામાં આવી હતી જેને પચાસ વર્ષ પૂર્ણ થતા પાલનપુરમાં વસતા માળી સમાજ દ્વારા મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા અને સંકુલની સ્થાપના દિવસની ઉજવણી લઈ સુવર્ણ જયંતી મહોત્સવની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી.જેમાં સવારે બેંક સોસાયટી અંબાજી મંદિર ખાતે મંગળા આરતી બાદ પ્રસ્થાન થયેલી શોભાયાત્રા શહેરના વિવિધ માર્ગો પર ફરી હતી અને કન્યાઓ દ્વારા કળશયાત્રા, ફુલ સુશોભિત કુંભ,ગાયકવૃંદ, રાસ-ગરબા સહીત શિક્ષણ,વ્યસન મુક્તિનો સંદેશો આપવામાં આવ્યો હતો જે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.આ શોભાયાત્રા અંબિકાવાડી ખાતે સમાપન કરવામાં આવી હતી.તેમજ ૧૨-૩૯ કલાકે મહાઆરતી યોજવામાં આવી હતી ત્યારબાદ સમાજના તમામ લોકોએ સાથે મળી ભોજન પ્રસાદ લીધો હતો.આ કાર્યક્રમમાં ગુજરાત વેરહાઉસીંગ નિગમના ચેરમેન મગનલાલ માળી, સમાજના પ્રમુખ હર્ષદભાઈ પરમાર, મંત્રી મોહનભાઈ સૈની, અશોકભાઈ ગોહિલ, દિનેશભાઈ પરમાર, હસમુખભાઈ પઢીયાર સહીત મોટી સંખ્યામાં સમાજના લોકો જાડાયા હતા.